SARDAR PATEL UNIVERSITY
P. B. No. 10
VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA

## TO WHOMSOEVER IT MAY CONCERN

This is to certify that N.H.Patel College of Education, Anand is affiliated to the Sardar Patel University, Vallabh Vidyanagar since 1971. The UGC has recognized this college under section 2 (f) and 12 B. of the UGC Act vide its letter No. F.8-185/2004 (CPP-I) of 2-11-2004 since October, 1976.

The Sardar Patel University is accredited at the FOUR STAR LEVEL by the National Assessment and Accreditation Council.

Registrar

No. K.1/3461
Vallabh Vidyanagar
Date : 1/09/2007

*Website : www.spuvvn.edu* *Phone: (02692) 226819*

# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦ (ગુજરાત)

NAAC Accredited with Grade 'A' (10-01-2023 to 09-01-2028)

નં:કે.૧/૨૬૪૫ **સિન્ડિકેટ વિભાગ**

તારીખઃ- ૨૪/૦૭/૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી
એમ. એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન
ભાલેજ રોડ,
આણંદ
જી-આણંદ

**વિષયઃ** સરદાર પટેલ યુનિવર્સિટીમાં સંલગ્ન બી. એડ ગ્રાન્ટ. ઇન. એઇડ કોલેજોને પુનઃ જોડાણ (એફિલીએશન)આપવા બાબત.
**સંદર્ભઃ** ઠરાવ ક્રમાંકઃ જા.નં: ISC-7/જોડાણ/૨૦૨૩/૩૮૫-૯૬ તારીખઃ૨૩/૦૭/૨૦૨૩

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય સંદર્ભ અન્વયે જણાવવાનુંકે ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત સાથે જોડાણ (એફિલીએશન) ધરાવતી બી.એડ કોલેજોનું સ્થાનિક સરકારી યુનિવર્સિટી સામે પુનઃજોડાણ (એફિલીએશન) આપવા માટે ઠરાવ થયેલ છે. તો ઠરાવની નકલ (બિડાણ-૧) થી સામેલ છે. તો જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

નાયબકુલસચિવ

બિડાણઃ-૧ ઠરાવક્રમાંકઃ એચઆરઇ/૨૦૨૦/૫૭૨/ખ-૧ તારીખઃ ૩૧/૦૫/૨૦૨૩

N.H.P.C.A.
Inward No. 04
Date : 05/08/2023

g:\2020-21 after 22-04-2020\syndicate item\spu to lite transfer.docx

Bidan-2

(4)

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

જા.નંબર : ISC-7/જોડાણ/૨૦૨૩/૩૮૫-૯૬ તા. ૧૩/૦૭/૨૦૨૩

પ્રતિ,

- રજીસ્ટ્રારશ્રી, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન,ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જુનાગઢ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી,અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ.
- રજીસ્ટ્રારશ્રી, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી,ભુજ – કચ્છ.
- રજીસ્ટ્રારશ્રી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર
- રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભવિદ્યાનગર.
- રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,ગોધરા.
- રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત.
- એડવાઇઝરશ્રી, કે.સી.જી.કચેરી, નવરંગપુરા, અમદાવાદ. – ૩૮૦૦૧૫

To Syndicate
2017

Inward No.: 7171
Section : Syndicate
Date : 24/7/23

વિષય : ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન,ગુજરાત સાથે જોડાણ(Affiliation) ધરાવતી બી.એડ. કોલેજોનું સ્થાનિક સરકારી યુનિવર્સિટીઓ સાથે પુન: જોડાણ (Affiliation) આપવા બાબત.

સંદર્ભ : શિક્ષણ વિભાગનો તા.૩૧/૦૫/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક: એચઆરઇ/૨૦૨૦/૫૭૨/ખ-૧

સવિનય ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગ દ્વારા ઉક્ત સંદર્ભથી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન,ગુજરાત સાથે જોડાણ(Affiliation) ધરાવતી બી.એડ. કોલેજોનું સ્થાનિક સરકારી યુનિવર્સિટીઓ સાથે પુન: જોડાણ (Affiliation) આપવા બાબત અંગે ઠરાવેલ છે.

સદર ઠરાવની અસલ કોપી આ સાથે સામેલ રાખી આપને જરૂરી કાર્યવાહી સારૂ મોકલી આપવામાં આવે છે. વધુમાં, ઠરાવમા સામેલ કોલેજોની યાદી અનુસાર યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમા આવતી સંબંધિત કોલેજોના આચાર્યશ્રીઓને આપની કક્ષાએથી સદર ઠરાવની નકલ મોકલી આપવાની કાર્યવાહી કરવા વિનંતી.

નોંધ પર મળેલ માન.નિયામકશ્રીની મંજુરીને આધારે.

% બિડાણ:
સંદર્ભ મુજબ

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
ગાંધીનગર

(૨)

वसुधैव कुटुम्बकम्
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

सत्यमेव जयते

ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત સાથે જોડાણ (Affiliation) ધરાવતી બી.એડ. કોલેજોનું સંબંધિત સ્થાનિક સરકારી યુનિવર્સિટીઓ સાથે પુનઃ જોડાણ (Affiliation) આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક:- એચઆરઇ/૨૦૨૦/૫૭૨/ખ-૧
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. 31 MAY 2023

સંદર્ભ:
(૧) ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત (સુધારા) અધિનિયમ-૨૦૧૯
(૨) શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૫/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: જશભ/૧૨૧૭/સિ.ફા.નં.૪૪/ન
(૩) શિક્ષણ વિભાગનો તા:૨૯/૦૫/૨૦૨૦નો સમાનાંકી ઠરાવ
(૪) શિક્ષણ વિભાગનો તા:૦૮/૦૯/૨૦૨૦નો સમાનાંકી ઠરાવ
(૫) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તા.૧૭/૦૪/૨૦૨૩ના પત્રાંક:CHE/ISC-7/યુનિ./૨૦૨૩/૧૫૬૧થી કરેલ દરખાસ્ત

આમુખ:

વિભાગના સંદર્ભ (૨)ના ઠરાવથી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર હેઠળના રાજ્યના તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં ચાલતા બી.એડ અભ્યાસક્રમનું તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પોરબંદર ખાતે ચાલતા અનુસ્નાતક(M.Ed.) અભ્યાસક્રમનું ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત સાથે એફિલિએશન કરવામાં આવેલ.

જે અનુસંધાને ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત(સુધારા) અધિનિયમ-૨૦૧૯થી સમાવિષ્ટ કલમ-૬(૩૪-એ)ની જોગવાઈ મુજબ કોઈપણ કોલેજ/ઇન્સ્ટીટ્યુટમાં ચાલતા બી.એડ. અભ્યાસક્રમને જરૂરિયાત મુજબ આઈ.આઈ.ટી.ઈ., ગુજરાત સાથે એફિલિએટ કરવાની સત્તાઓ રાજ્ય સરકારને સુપરત કરવામાં આવેલ છે.

ઉક્ત સત્તાને આધિન સંદર્ભ (૩) અને (૪)ના ઠરાવોથી રાજ્યની ૦૯ યુનિવર્સિટીઓ સાથે સંકળાયેલ ૦૪ સરકારી અને ૩૬ ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજોમાં ચાલતા બી.એડ. અભ્યાસક્રમનુ જે-તે સંલગ્ન સ્થાનિક સરકારી યુનિવર્સિટીમાંથી ડિ-એફિલિએટ કરી ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત સાથે એફિલિએશન કરવામાં આવેલ હતુ.

(૩)

સંદર્ભ(૫) ની દરખાસ્તથી જણાવ્યા મુજબ ભારત સરકારની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ હેઠળ મલ્ટીડિસિપ્લિનરી અને ઈન્ટીગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રોગ્રામના અમલીકરણના હેતુથી તથા આઈ.આઈ.ટી.ઈ., ગુજરાત અધિનિયમ, ૨૦૧૦ની કલમ-૬(૩૪-એ)ની જોગવાઇથી રાજ્ય સરકારને મળેલ સત્તા હેઠળ સંદર્ભ(૩) થી (૪)ના ઠરાવોમાં સુધારો કરી ૦૪ સરકારી અને ૩૬ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોમાં ચાલતા બી.એડ.ના અભ્યાસક્રમનું ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત સાથે ડિએફિલિએશન કરી સંબંધિત સ્થાનિક સરકારી યુનિવર્સિટીઓ સાથે પુનઃ જોડાણ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ હેઠળ મલ્ટીડિસિપ્લિનરી અને ઈન્ટીગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રોગ્રામના અમલીકરણના હેતુથી તથા આઈ.આઈ.ટી.ઈ., ગુજરાત અધિનિયમ, ૨૦૧૦ની કલમ-૬(૩૪-એ)ની જોગવાઇથી રાજ્ય સરકારને મળેલ સત્તા હેઠળ આ સાથે સામેલ પરિશિષ્ટમાં જણાવેલ ૦૪ સરકારી અને ૩૬ ગ્રાન્ટ-ઇન-એઇડ એમ કુલ-૪૦ કોલેજોમાં ચાલતા બી.એડ.ના અભ્યાસક્રમનું ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત સાથેનું જોડાણ રદ (ડિએફિલિએટ) કરી સંબંધિત સ્થાનિક સરકારી યુનિવર્સિટીઓ સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી નીચેની શરતોને આધિન પુનઃ જોડાણ (Affiliation) મંજૂર કરવામાં આવે છે તથા સંદર્ભ(૩) અને (૪)ના ઠરાવો આથી રદ કરવામાં આવે છે.

(૧) ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાતએ તેની સાથે એફિલિએશન ધરાવતી ૦૪ સરકારી અને ૩૬ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોના બી.એડ. અભ્યાસક્રમને ડિ-એફિલિએટ કરી તેની જાણ જે-તે કોલેજ, સંબંધિત સ્થાનિક સરકારી યુનિવર્સિટીઓ અને શિક્ષણ વિભાગને કરવાની રહેશે.

(૨) સંબંધિત સ્થાનિક સરકારી યુનિવર્સિટીઓએ ઉક્ત ૦૪ સરકારી અને ૩૬ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોના બી.એડ. અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી પુનઃ જોડાણ (Affiliation)આપવાની આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે, જેની જાણ જે-તે કોલેજ, આઈ.આઈ.ટી.ઈ., ગુજરાત અને શિક્ષણ વિભાગને કરવાની રહેશે.

(૩) સંબંધિત યુનિવર્સિટીના સત્તામંડળો દ્વારા પુનઃ જોડાણની મંજૂરી માટેની કાર્યવાહી કરી યુનિવર્સિટી દ્વારા જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડવા અંગે કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી મારફત વિભાગને દરખાસ્ત કરવાની રહેશે.

(૪) જે વિદ્યાર્થીઓના એડમિશન વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨ દરમ્યાન થયેલ છે, તે વિદ્યાર્થીઓનો અભ્યાસ,પરીક્ષા વગેરે એકેડેમિક પ્રવૃતિઓ આઇ.આઇ.ટી.ઈ., ગુજરાત દ્વારા કરવાની રહેશે.

(૫) ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ગુજરાત દ્વારા પ્રત્યેક અધ્યાપકોને અધ્યાપક માન્યતા આપવામાં આવેલ છે. આ અધ્યાપક માન્યતા જે તે સંબધિત યુનિવર્સિટીઓને તબદીલ થશે તથા સંબધિત યુનિવર્સિટીમાં પુનઃ અધ્યાપક માન્યતા મેળવવાની રહેશે નહીં.

સદરહું ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૩૦/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી. એસ. પરમાર)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલાયદા પત્રથી)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી (ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રાજ્યકક્ષા મંત્રીશ્રી (ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, બ્લોક-૫/૮, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

• <u>નકલ રવાના</u> (જરૂરી કાર્યવાહી સારૂ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી મારફત)

- રજીસ્ટ્રારશ્રી, ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
- રજીસ્ટ્રારશ્રી, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ.
- રજીસ્ટ્રારશ્રી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.
- રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.
- રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા.
- રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
- આચાર્યશ્રી, સંબધિત કોલેજો
- એડવાઇઝરશ્રી, કે.સી.જી.કચેરી, નવરંગપુરા, અમદાવાવાદ-૩૮૦૦૧૫

• સિલેક્ટ ફાઈલ

શિક્ષણ વિભાગના તા.૩૧/૦૫ /૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: એચઆરઇ/૨૦૨૦/૫૭૨/ખ-૧ સાથેનું પરિશિષ્ટ

| ક્રમ | કોલેજનો પ્રકાર | શહેર | જિલ્લો | NCTE કોડ | કોલેજનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| ૧ | ગવર્મેન્ટ કોલેજ ઓફ એજ્યુકેશન, મેઘરજ | મેઘરજ | અરવલ્લી | ૩૨૩૦૬૯ | ગવર્નમેન્ટ |
| ૨ | ગવર્મેન્ટ બી.એડ. કોલેજ, નસવાડી | નસવાડી | છોટાઉદેપુર | ૩૨૩૦૭૪ | ગવર્નમેન્ટ |
| ૩ | ગવર્મેન્ટ બી.એડ. કોલેજ, કાછલ | કાછલ | સુરત | ૩૨૩૦૭૩ | ગવર્નમેન્ટ |
| ૪ | ગવર્મેન્ટ બી.એડ. કોલેજ, વાસંદા | વાસંદા | નવસારી | ૩૨૩૦૬૮ | ગવર્નમેન્ટ |
| ૫ | ડૉ. સુભાષ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન | જુનાગઢ | જુનાગઢ | ૩૨૩૦૨૦ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૬ | શ્રીમતી ઉલ્લાસબેન ગોરધનદાસ કોલેજ ઓફ એજ્યુકેશન | અમદાવાદ | અમદાવાદ | ૩૧૩૦૦૩ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૭ | પ્રકાશ કોલેજ ઓફ એજ્યુકેશન | અમદાવાદ | અમદાવાદ | ૩૧૩૦૦૬ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૮ | વૈદ્ય શ્રી એમ.એમ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન | અમદાવાદ | અમદાવાદ | ૩૧૩૦૧૧ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૯ | એમ. એન. શુક્લ કોલેજ ઓફ એજ્યુકેશન | અમદાવાદ | અમદાવાદ | ૩૧૩૦૧૮ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૧૦ | શ્રીમતી એમ. એન. કે. દલાલ એજ્યુકેશન કોલેજ ફોર વુમન | અમદાવાદ | અમદાવાદ | ૩૧૩૦૨૦ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૧૧ | એ. જી. ટીચર્સ કોલેજ | અમદાવાદ | અમદાવાદ | ૩૧૩૦૨૫ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૧૨ | ડી. ડી. ચોકસી બી.એડ. કોલેજ | પાલનપુર | બનાસકાંઠા | ૩૧૩૦૦૧ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૧૩ | સેકન્ડરી ટીચર ટ્રેનિંગ કોલેજ | વિસનગર | મહેસાણા | ૩૧૩૦૦૪ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૧૪ | લીલાવતી નંદલાલ કિલાચંદ કોલેજ ઓફ એજ્યુકેશન | પાટણ | પાટણ | ૩૧૩૦૦૫ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૧૫ | બી. ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન | મોડાસા | અરવલ્લી | ૩૧૩૦૦૮ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૧૬ | કોલેજ ઓફ એજ્યુકેશન | દરમાલી | સાબરકાંઠા | ૩૨૩૨૨૮ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૧૭ | સ્વામી વિવેકાનંદ સર્વોદય બેન્ક એજ્યુકેશન કોલેજ | મહેસાણા | મહેસાણા | ૩૧૩૦૦૭ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૧૮ | એસ. ડી. શેઠીયા કોલેજ ઓફ એજ્યુકેશન | મુંદ્રા | કચ્છ | ૩૧૩૦૨૬ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૧૯ | શ્રી જી.એચ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય | ભાવનગર | ભાવનગર | ૩૧૩૦૧૬ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૨૦ | આણંદ એજ્યુકેશન કોલેજ | આણંદ | આણંદ | ૩૧૩૦૦૯ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૨૧ | શ્રીમતી બી. સી. જે. કોલેજ ઓફ એજ્યુકેશન | ખંભાત | આણંદ | ૩૧૩૦૧૨ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૨૨ | શ્રીમતી એસ.આઇ. પટેલ ઇપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન | પેટલાદ | આણંદ | ૩૧૩૦૧૪ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૨૩ | શ્રી આર. પી. અનડા કોલેજ ઓફ એજ્યુકેશન | બોરસદ | આણંદ | ૩૧૩૦૧૫ | ગ્રાન્ટ-ઇન-એઇડ |

(5)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪ | એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન | આણંદ | આણંદ | ૩૧૩૦૨૨ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૨૫ | એચ. એમ. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇંગ્લીશ ટ્રેનિંગ & રીસર્ચ | વલ્લભ વિદ્યાનગર | આણંદ | ૩૧૪૦૦૧ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૨૬ | શ્રી સી. એચ. શાહ મૈત્રી વિદ્યાપીઠ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન | - | સુરેન્દ્રનગર | ૩૧૩૦૧૭ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૨૭ | દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય | જામનગર | જામનગર | ૩૧૩૦૨૯ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૨૮ | શ્રીમતી એમ. એમ. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર | ૩૧૩૦૩૨ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૨૯ | શ્રીમતી જે. જે. કુંડલીયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ | રાજકોટ | રાજકોટ | ૩૧૩૦૪૫ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૩૦ | શ્રી પી. ડી. માલવીયા ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ | રાજકોટ | રાજકોટ | ૩૧૩૦૪૭ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૩૧ | શ્રી શારદાપીઠ આર્ટ્સ, કોમર્સ એન્ડ એજ્યુકેશન કોલેજ | દ્વારકા | દ્વારકા | ૩૧૩૦૫૦ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૩૨ | ઇન્સ્ટીટ્યુટ ઓફ લેંગ્વેજ ટીચીંગ | રાજકોટ | રાજકોટ | ૩૧૩૦૪૦ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૩૩ | શ્રી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન | ગોધરા | પંચમહાલ | ૩૧૩૦૦૪ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૩૪ | શેઠ મોતીલાલ નાથાભાઇ કોન્ટ્રાકટર કોલેજ ઓફ એજ્યુકેશન | ડભોઈ | ડભોઈ | ૩૧૩૦૩૫ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૩૫ | શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય | બીલીમોરા | નવસારી | ૩૧૩૦૨૪ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૩૬ | વી. ટી. ચોકસી સાર્વજનિક કોલેજ ઓફ એજ્યુકેશન | સુરત | સુરત | ૩૧૩૦૨૮ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૩૭ | કોલેજ ઓફ એજ્યુકેશન | ખરોડ | ભરૂચ | ૩૧૩૦૩૬ | ગ્રાન્ટ-ઇન-એઇડ. |
| ૩૮ | શ્રીમતી વસંતીબેન રણછોડભાઇ ભકતા કોલેજ ઓફ એજ્યુકેશન | કામરેજ | સુરત | ૩૧૩૦૪૮ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૩૯ | સ્નાતક અધ્યાપન મંદિર | વેડછી | તાપી | ૩૧૩૦૫૨ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૪૦ | શ્રી માછી મહાજન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશન | નાની દમણ | - | ૫૧૩૦૦૧ | ગ્રાન્ટ-ઇન-એઇડ |